પોલીસકર્મીઓની બુટલેગરો સાથેની ભાઈબંધીની અભેદ્ય દીવાલ ડીવાયએસપી તોડી શકશે..??

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના પોકળ દાવાઓ અને પોલીસતંત્રના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને પોલીસકર્મીઓની બુટલેગરો સાથેની ભાઈબંધીની વાત જાણીતી છે. સ્થાનિક પોલીસતંત્રની મીલીભગતથી રાજકીય આકાઓના છુપા આશીર્વાદથી રાજ્યમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં દેશી-વિદેશી દારૂનો વેપલો અને અનૈતિક પ્રવૃતિઓએ માજા મૂકી છે ત્યારે અરવલ્લી જીલ્લામાં પ્રોબેશનલ ડીવાયએસપી ઈશ્વર પરમારે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનનો ચાર્જ સાંભળતાની સાથે સોશ્યલ મીડિયામાં પત્રિકાના સહારે રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતા દારૂ, જુગાર છારાનગરમાં દારૂની ભટ્ટીઓ ચલાવતા અને દારૂ ગાળવાની પ્રક્રિયા કરતા બુટલેગરો અને દારૂનો જથ્થો સપ્લાય કરતી મહિલાઓ સંચાલિત દેશી દારૂના વેપેલાનાં ચક્રને તોડી નાખવા રેડ કરી હતી પરંતુ પોલીસ પહોંચે તે પહેલા દારૂની ભટ્ટીઓ પરથી બુટલેગરો અને મહિલાઓ દ્વારા ઘરમાં સંગ્રહ કરતા હજ્જારો લીટર દેશી દારૂનો જથ્થો પગ કરી જતા પ્રોબેશનલ ડીવાયએસપી ઈશ્વર પરમારે દેશી દારૂની ભટ્ટીઓ તોડી નાખી દૂર કરી દેશી દારૂ બનાવવાનો વોશ અને સામગ્રી કબ્જે લઈ કાર્યવાહી કરી હતી. બોડી નજીક પણ પોલીસરેડ પહેલા બુટલેરો હવામાં ઓગળી જતા પોલીસ કરતા બુટલેગરો હોશિયાર સાબિત થયા હતા.

કે ગેરકાનૂની પ્રવૃત્તિ ચાલતી હોય તો તેના વિષે તેમના પર્સનલ મોબાઈલ નંબર જાહેર કરી તેના પર સીધી જાણ કરવા અપીલ કરવામાં આવી હતી. તદઉપરાંત મોડાસા તાલુકાના દેશી દારૂના ગૃહ ઉદ્યોગ તરીકે જાણીતા અને મહિલા બુટલેગરો દ્વારા સંચાલિત કુખ્યાત છારાનગરમાં ત્રાટકી દેશી દારૂ બનાવની ભટ્ટીઓ નાશ કરી દીધી હતી અન્ય બોડી ગામ જોડે દેશી દારૂની ભટ્ટીઓ તોડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રોબેશન ડીવાયએસપીએ ઈશ્વર પરમારે પોલીસસૂત્રોના જણાવ્યા અનુસાર પ્રોબેશનલ ડીવાયએસપી ઈશ્વર પરમારે બુટલેગરો પર તવાઈ બોલાવે તે પહેલા જ તેમના સુધી રેડની ગુપ્ત માહિતી પહોંચી જતા બુટલેગરો પોલીસને હાથતાળી આપવામાં સફળ રહ્યા હતા ત્યારે ડીવાયએસપી ઈશ્વર પરમારે પોલીસતંત્રના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને પોલીસકર્મીઓની બુટલેગરો સાથેની ભાઈબંધી સાથેની અભેદ્ય દીવાલ તોડવામાં સફળ રહેશે કે નહિ તે... તેની ચર્ચા જોરશોરથી ચાલી રહી છે.

સખી વન સ્ટોપ સેન્ટરમાં નવ પીડિતા મહિલાઓ અને પાંચ બાળકોને મદદરૂપ બન્યું

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટર સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે જાન્યુઆરી- ૨૦૨૦માં સેન્ટરમાં અત્યાર સુધીમાં ૯ ઘરેલું હિંસાથી પીડિતા મહિલાઓને અને ૫ બાળકોને મદદરૂપ થઇ તેમના પરિવારોનું કાઉન્સેલીંગ કરવામાં આવ્યું છે. તેવું તાજેતરમાં કલેકટર શ્રી કુલદીપ આર્યની અધ્યક્ષતા યોજાયેલ મોનિટરીંગ કમિટીની બેઠકમાં મહિલા અને બાળ અધિકારીએ જણાવ્યું હતું.

આ બેઠકમાં મહિલા અને બાળ અધિકારી શ્રી એન. જે. ગામીએ જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લા સ્થળે પુરી પાડવામાં આવે છે. વધુમાં મહિલા અને બાળ અધિકારીએ જણાવ્યું હતું કાર્યરત કરવામાં આવ્યું હતું. સખી વન સ્ટોપ સેન્ટરમાં ઘરેલું હિંસાથી પિડિત તમામ મહિલા (તેના ૮ વર્ષ સુધીની ઉંમરના કિશોર અને તમામ ઉંમરની કિશોરીઓ સહિત) મહત્તમ ૫ દિવસ માટે હંગામી આશ્રય મેળવી શકે છે. સખી વન સ્ટોપ સેન્ટરમાં મહિલાઓ સાથે થતી કોઈપણ પ્રકારની હિંસાના ઉપાય માટે તબીબી, કાયદાકીય, મનો વૈજ્ઞાનિક, કાઉન્સેલીંગ જેવી સેવાઓ તાત્કાલિક ધોરણે એક જ કે, સખીઓના પ્રથમ વિસામામાં પિડિતાને વધુમાં વધુ પાંચ દિવસ સુધી રાખી શકાય છે. ત્યારબાદ સમાધાન ન થાય અથવા તો બહેનોને વધુ આશ્રયની જરૂર હોય તો નજીકનાં નારી સંરક્ષણ ગૃહ / સ્વધારગૃહમાં મોકલી આપવામાં આવે છે. ભોજન, રહેઠાણ, આરોગ્યની ચકાસણી અને પોલીસ સહિતની સહાય આપતું આ સખી વન સ્ટોપ સેન્ટર ઘરેલું હિંસાથી પિડિતાઓ માટે આશીર્વાદ રૂપ પુરવાર થયું છે.

નગરની સિવિલમાં રેડીયોલોજી ઓપ્થેમોલોજી વિભાગ રામભરોસે

પાટનગરમાંથી રાજયના છેવાડાના માનવી સુધી આરોગ્યલક્ષી સુવિધાઓ અને યોજનાઓનો લાભ મળી રહે તે માટે આયોજન કરવામાં આવે છે. ગાંધીનગર શહેરની પાટનગરની હોસ્પિટલમાં જ દિવા તળે અંધારા જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. આરોગ્ય વિભાગથી ગણતરીના અંતરે આવેલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક સમયથી રેડીયોલોજી અને ઓપ્થેમોલોજી વિભાગ ડોકટર ન હોવાથી રામ ભરોસે ચાલી રહ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના રેડીયોલોજી વિભાગમાં સોનોગ્રાફી, એકસ-રે અને સીટીસ્કેનની સુવિધા ઉભી કરાઈ છે. સિવિલમાં રોજના ૪૦૦ એકસ-રે, ૧૨૦ થી વધુ સોનોગ્રાફી અને ૧૫ જેટલા સીટીસ્કેન થાય છે. તેમ છતા અહી કોઈ ડોકટર જ નથી. માત્ર બે જુનીયર રેસીડન્ટ ડોકટરના કારણે આ વિભાગ ડગમગ ચાલ્યા કરે છે.ત્યારે રેડીયોલોજી વિભાગમાં ડોકટરોની અછત ને પગલે ઈએનટી વિભાગના ડોકટરને રેડીયોલોજી વિભાગનો ચાર્જ આપવામાં આવ્યો છે. ત્યારે આવી જ હાલત ઓપ્થેમોલોજી વિભાગમાં પણ જોવા મળી રહ્યો છે. ત્યાં પણ કોઈ સિનિયર ડોકટર નહી હોવાથી સર્જરીના ડોકટરને ઓપ્થેમોલોજીનો ચાર્જ આપવામાં આવ્યો છે. ત્યારે સિવિલના આ મહત્વના બે વિભાગમાં કયારે ડોકટર આવશે તેની રાહ દર્દીઓ જોઈ રહ્યા છે. ત્યારે પાટનગરની હોસ્પિટલની આ પ્રકારની હાલત છે તો રાજયના અન્ય જિલ્લાની હોસ્પિટલ અંગે તો વિચારવુ જ રહ્યું.!

દહેગામ તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની કારોબારી સભામાં પ્રમુખ રસીકભાઈ અમીન તથા મંત્રી કાન્તીભાઈ પટેલ તેમજ તમામ કારોબારી સભ્યો દ્વારા સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા ''પ્રતિભાશાળી શિક્ષક'' એવોર્ડ મેળવનાર તથા કલામહાકુંભ-૨૦૨૦માં કાવ્યલેખનમાં જિલ્લાકક્ષાએ પ્રથમ નંબર મેળવી પ્રદેશકક્ષાએ ઉત્તમ પ્રદર્શન કરનાર રામાજીના છાપરા પ્રાથમિક શાળાના શિક્ષક ધર્મેશ ગજજરનું સન્માન કરવામાં આવ્યું હતું.

છાલા ગામના બંને ખેલાડી ટેકવોન ડો ની સ્પર્ધામાં રાષ્ટ્રકક્ષાએ ઝળક્યા

ચિલોડા, તા. ૧

ઓપન ગુજરાત સ્ટેટ ટેકવોન ડો ચેમ્પિયનશિપ-૨૦૨૦ ગાંધીનગર ખાતે સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં છાલા ગામના વતની પટેલ રાજેન્દ્રકુમારના બંને બાળકો સલોની પટેલ એન.કે. સ્કૂલ

ઓફ કોમર્સમાં અભ્યાસ કરતી ખેલાડીએ ભાગ લઈને ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યો છે. જ્યારે પુત્ર હમિત રાજેન્દ્રભાઈ પટેલ લેકાવાડા સ્થિત ઓમકાર સ્કૂલનો વિદ્યાર્થીએ સિલ્વર મેડલ પ્રાત કર્યો છે. આ બંને બાળકોને સિદ્ધિ બદલ બિરદાવી શુભેચ્છાઓ, અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

નાના વાહનચાલકોને દંડતા તંત્રને આ ટ્રક દેખાતી નથી કે પછી મિલી ભગત ??

તાજેતરમાં દેશભરમાં માર્ગ વાહનવ્યવહારને લગતા નવા કડક ધારા ધોરણો અમલમાં મુકવામાં આવ્યા છે. જેમાં વાહન વ્યવહારના નિયમોના ભંગ બદલ આકરા દંડની જોગવાઈઓના અમલને પગલે વિરોધનો સૂર પણ ઉઠવા પામ્યો હતો. જો કે આકરા દંડની જોગવાઈઓ અમલમાં મુકવા છતાં હજુ પણ માર્ગો પર નિયમ પાલન બાબતે બેદરકારી જોવા મળે છે. જેમાં ખાસ કરીને ભારે વાહનોના ચાલકો દ્વારા ઓવરલોડીંગ તથા ઓવર ડાયમેન્શન જેવા નિયમ ભંગ સરેઆમ કરવામાં આવી રહ્યા છે. ટ્રાફિક પોલીસ દ્વારા નિયમ પાલન માટે જે કડકાઈ નાના વાહનો જેવા કે ટુ-વ્હીલર કે ફોર વ્હીલર ચાલકો માટે અપનાવાય છે તેવી કડકાઈ આ ભારે વાહનચાલકો પ્રત્યે અપનાવાતી નથી અથવા મીલીભગતના કારણે આંખ આડા કાન કરવામાં આવે છે તેવી છાપ પ્રજામાં જોવા મળી રહી છે જે ગાંધીનગર-માણસા માર્ગ પર વહેલી સવારે પસાર થઈ રહેલા આ વાહન જોઈને સાચી હોવાની પ્રતિતી થઈ રહી છે. ટ્રકની એક પણ લાઈટ કે નંબર પ્લેટ સુધ્ધાં ના દેખાય તે રીતે માલ ભરીને જઈ રહેલી આ ટ્રક કોઈના માટે યમદૂત બને તો તેની જવાબદારી કોની??

ગુજરાત સાયન્સ સિટી ખાતે સાયન્સ કાર્નિવલ ૨૦૨૦નો શાનદાર પ્રારંભ

ભવિષ્યના વૈજ્ઞાનિકોમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવાના હેતુથી ત્રણ દિવસીય કાર્નિવલનું આયોજન

ગાંધીનગર, તા. ૧

યુવા વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને નવીનતમ શોધો પ્રત્યે પ્રોત્સાહિત કરવાના ધ્યેયથી ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સિટી દ્વારા ગુજરાત સાયન્સ સિટી ખાતે સાયન્સ કાર્નિવલ ૨૦૨૦નું આયોજન કરવામાં આવ્યું છે.

આ ત્રણ દિવસીય કાર્નિવલનું ઉદ્ઘાટન ઈસરો અમદાવાદના રિસ્પોન્ડ અને રિસર્ચના હેડ ડૉ. પારૂલ પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતુ. વિજ્ઞાન ભવન ખાતે યોજાયેલ આ ઉદ્ઘાટન સમારંભમાં ઈન્ડિયન પ્લાઝમાં રિસર્ચ ગાંધીનગરના ડિન ડૉ. સુબ્રતો મુખર્જી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

દર વર્ષે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ૨૮ ફેબ્રુઆરીએ મહાન વૈજ્ઞાનિક સીવી રમન દ્વારા ૧૯૨૮માં રજુ કરાયેલ ડિસ્કવરી ઓ રમન ઈફેક્ટની યાદમાં ઉજવવામાં આવે છે. નેશનલ સાયન્સ ડે ૨૦૨૦ની થીમ 'વુમન ઈન સાયન્સ' (વિજ્ઞાનમાં મહિલાઓ) છે.

આ પ્રસંગે ૩૦ વર્ષથી કાર્યાનુભવ ધરાવનાર ડૉ. પારૂલ પટેલે જણાવ્યું કે વિજ્ઞાન ક્ષેત્રમાં કામ કરતી મહિલાઓ તેમના પુરુષ તેમના પુરુષ સાથીઓ જેટલી જ સક્ષમ છે. મહિલાઓની કાર્યની ગુણવત્તા પુરુષો કરતાં ઘણી વધુ છે. વધુમાં સ્ત્રીઓ સંશોધન કાર્યમાં વધુ કુશળ છે. દુર્ભાગ્ય છે કે ઘણી મહિલાઓ સાયન્સ અને ટેકનોલોજિ ક્ષેત્રમાં કારકિર્દી બનાવતી નથી. હું ઈચ્છું છું કે છોકરીઓ ગભરાય નહીં અને આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવે.

૯૭ વર્ષે નોબલ વિજેતા બનેલ જોન બી ગુડઈનફને યાદ કરતાં ડૉ. મુખર્જીએ જણાવ્યું કે ''સંશોધનમાં કોઈ સીમા નથી હોતી. વિદ્યાર્થી તરીકે તમારે તમારે પ્રશ્ન કરવા જોઈએ, કેમ ?? આ સંશોધનમાં ખૂબ જ મહત્વનું છે અને સંશોધનો સામાજિક પ્રશ્નોના નિરાકરણ માટે પણ ઉપયોગી છે. સંશોધનમાં વયમર્યાદા નથી. આપણી પાસે ૯૭ વર્ષે નોબલ જીતનારનું ઉદાહરણ છે.''

સાયન્સ કાર્નિવલ ૨૦૨૦ના ઉદ્ઘાટન પ્રસંગે ગુજકોસ્ટના એડવાઈઝર ડૉ. નરોત્તમ સાહુ, જીસીએસસીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર એસ.ડી. વોરા તથા સાયન્સ સિટીના એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર એન. માતંગકુમાર પણ ઉપસ્થિત રહ્યા હતા.

સાયન્સ લેકચર સિરીઝ, હેંડઝ ઓન એક્ટિવીઝ, એલઈડી પર સાયંટિફિક ફિલ્મોનું સ્ક્રિનિંગ, આઈમેક્સ ખાતે ડી ફિલ્મ્સ, બધા પેવેલિયન્સની માર્ગદર્શક સાથેની ટુર અને બીજા ઘણા બધા કાર્યક્રમો આ કાર્નિવલમાં છે.

અંદાજે ૨૫,૦૦૦ જેટલા મુલાકાતીઓ ત્રણ દિવસીય સાયન્સ કાર્નિવલમાં ભાગ લેશે. જેમાં વિદ્યાર્થીઓ, સંશોધકો, મુલાકાતીઓ, સાયન્સ કોમ્યુનિકેટર્સ અને સાયન્સમાં રસ ધરાવનારાઓનો સમાવેશ છે.

શેલ્બી હોસ્પિટલમાં અંગદાન અને અંગ પ્રત્યારોપણનો સફળ કિસ્સો

મગજના મૃત દર્દી દ્વારા કરાયેલા અંગદાનથી બે જીવોને મળ્યુ નવું જીવનદાન

અમદાવાદ, તા. ૧

ભારત દેશમાં અંગદાન માટે અસંખ્ય જાગૃતિ અભિયાન હોવા છતાં પણ અંગદાન કરવાનો વિચાર કે અંગદાનની પ્રક્રિયા આજે પણ નહિવત જેવી જ છે અને આ એક જાણીતુ સત્ય છે.

એક એવો અંદાજ છે કે ભારતમાં દર વર્ષે ૫,૦૦,૦૦૦થી વધુ લોકો અંગોની ઉપલબ્ધતા ના હોવાને કારણે મૃત્યુ પામે છે અને દર ૧૨ મિનિટે એક વધુ દર્દીનો આ લિસ્ટમાં ઉમેરો થાય છે. ભારત વિશ્વનો બીજો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ હોવા છતાં, અંગદાન બાબતે આપણા દેશનો દર ૧૦ લાખ લોકોની વસ્તીમાં ખાલી ૦.૨૬ ટકા છે જ્યારે આના સરખામણીમાં અંગ દાનનો દર અમેરિકામાં ૨૬ ટકા, સ્પેનમાં ૩૫ ટકા અને કોએશિયામાં ૩૬.૫ ટકાનું છે.

ઉપલબ્ધ માહિતી મુજબ ૧૦ લાખથી વધુ લોકો જીવનના અંતિમ તબક્કામાં અંગ નિષ્ફળતાથી પીડાય છે, પરંતુ ભારતમાં વાર્ષિક દરે મુઠ્ઠીભર માત્ર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે. જ્યારે કિડની ટ્રાન્સપ્લાન્ટની વાત આવે છે ત્યારે આશરે ૫,૦૦૦ લોકો જ તેમને ૧૫૦,૦૦૦ની પ્રતીક્ષાની સૂચિ સામે કિડની જેવા અંગ મેળવવામાં સફળ થાય છે.

આ પૃષ્ટભૂમિમાં જે દર્દીના મગજને મૃત જાહેર કરવામાં આવે છે અને તેમના ઉદાર સંબંધીઓ કે જે કિંમતી જીવ બચાવવા માટે અંગદાન માટે આગળ આવે છે તે આપણા માટે દિલથી પ્રશંસાને પાત્ર છે.

શેલ્બી હોસ્પિટલ-એસ.જી. હાઈવે ખાતે એક અંગદાનનો સફળ કિસ્સો થયો જેના લીધે બે કિંમતી જીવનનો બચાવ થઈ શક્યો.

તાજેતરમાં રાજસ્થાનની વતની અને હવે અમદાવાદના વેજલપુરમાં રહેતી એક ૭૯ વર્ષીય મહિલાને ઘરમાં પડી જવાથી બેભાન અવસ્થામાં શેલ્બી હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ દર્દીને ઈન્ટ્રાક્રેનિયલ હેમોરેજ અને ઈન્ટ્રા વેન્ટ્રિક્યુલર હેમોરેજનું નિદાન થયું હતુ. જેના પગલે દર્દીને સર્જિકલ આઈસીયુમાં ખસેડવામાં આવ્યા હતા અને હાથમાં ઉપલબ્ધ તમામ વિકલ્પોનો આશરો લીધો હોવા છતાં દર્દીને પુર્નજિવિત કરી શકાય નહી અને તેથી ૨૭ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ તેને 'બ્રેઈન ડેડ' તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

ગુજરાત સરકારના GeM પોર્ટલને મુખ્ય સચિવ હસ્તે એવોર્ડ

ગાંધીનગર, તા.૧

ભારત સરકાર નિર્ધારિત અને ગુજરાત સરકારમાં સરકારી ખાતાઓની કચેરીઓમાં ખરીદી પ્રક્રિયામાં પારદર્શિતા અને વિશ્વસનીયતા લાવવા માટે બનાવવામાં આવેલ GeM પોર્ટલને ડીસેમ્બર ૨૦૧૯ સુધીમાં સેકન્ડ હાઈયેસ્ટ ટ્રાન્જેકશન વેલ્યુ માટે એવોર્ડ પ્રાપ્ત થયો છે.

ગુજરાત રાજ્ય શાળા પાઠયપુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા GeM ની સુચિત માર્ગદર્શિકા અનુસરવામાં આવતી ખરીદી ડીસેમ્બર ૨૦૧૯ સુધીમાં સેકન્ડ હાઈયેસ્ટ ટ્રાન્જેકશન વેલ્યુ માટે રાજ્ય સરકારના મુખ્ય સચિવ હસ્તે એકસલન્ટ પરફોર્મન્સ એપ્રીસીએશન એવોર્ડ ૨૦૧૯ પ્રાપ્ત થતા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગમાં હર્ષની લાગણી અનુભવાઈ છે.

મગોડી પી.આર. ઠક્કર વિદ્યાવિહારમાં અદ્યતન વિજ્ઞાનભવનનુ દબદબાભર્યુ ઉદ્ઘાટન કરાયું

ગાંધીનગર તાલુકાના મગોડી ગામે મોન્ટોકાર્લો શિક્ષણ સંકુલ પી.આર. ઠક્કર વિદ્યાવિહારમાં મગનલાલ કેશવલાલ પટેલ વિજ્ઞાનભવનનું ઉદ્ઘાટન દાતા પુષ્પાબેન મગનલાલ પટેલના હસ્તે કરવામાં આવ્યું. આ ભવન બનાવવા માટે મગનલાલ કેશવલાલ પટેલ પરિવાર તરફથી ૧૧ લાખ રૂપિયાનું દાન પ્રાપ્ત થયું હતું. આ ઉપરાંત મુરૂગપ્પા મોર્ગન થર્મલ સિરામિક લિમિટેડ દ્વારા આઠ લાખ રૂપિયાનું દાન મળ્યુ હતુ. કેન્દ્ર સરકાર દ્વારા આ સંસ્થાને અટલ ટીકરીંગ લેબોરેટરી પણ ફાળવવામાં આવેલ છે. આ ઉપરાંત નટુભાઈ ઠક્કર કમ્પ્યુટર સાયન્સ સેન્ટરનું ઉદ્ઘાટન દાતા ડૉ. ઉપેન્દ્રભાઈ રાવલ તેમજ ગોવિંદભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. જલ્પા વિજ્ઞાન લાઈબ્રેરીનું ઉદ્ઘાટન દાતા અનસુયાબેન પટેલના હસ્તે કરવામાં આવ્યુ હતું.

સ્લીપર સેલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગોળી વાગવાના કારણે ૧૩ લોકોના મોતની પાછળ પણ આતંકી કાવતરું હોવાનું માનવામાં આવી રહ્યું છે. પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાની ભૂમિકાની પણ તપાસ કરાઈ રહી છે. પોલીસ અને આઈબી રમખાણકારોના ઘરોની

ઓળખ કરી રહી છે. ફેશિયલ રિકગ્નિશન ટેકનોલોજીથી પણ રમખાણકારોની ઓળખ કરીને યાદી બનાવાઈ રહી છે. બીજી બાજુ, રમખાણ ભડકાવવાના આરોપમાં ધરપકડ કરાયેલા કોંગ્રેસના પૂર્વ કાઉન્સિલર ઈશરત જહાં ૧૪ દિવસની જ્યુડિશીઅલ કસ્ટડીમાં મોકલી દેવાયા હતા. દિલ્હીમાં કોમી હિંસાના સંદર્ભમાં મોતનો આંકડો વધીને ૪૫ ઉપર પહોંચી ચુક્યો છે. ઘાયલ થયેલા લોકોની સંખ્યા ૨૦૦થી પણ ઉપર પહોંચી ચુકી છે. સ્થિતિને સામાન્ય બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.

અવિનાશી પ્રસન્નતા માટે... ● છેલ્લા પાનાનું ચાલુ

કેટેગરાઈઝ કરી શકશો તો પ્રસન્નતા કાયમ રહેશે. આપણને કુતરૂ કરડે તો તરત જ રીક્ષા પકડીને હોસ્પિટલ જવાય, એને પત્થર મારવા ના જવાય; આ વિચારને ગાંઠે બાંધી લેશો તો પ્રસન્ન રહેશો. બનેલી ઘટનાઓને સ્વીકારી લો, તેનો અસ્વીકાર કરશો તો સ્ટ્રેસમાં રહેશો.

આપણું પારિવારિક જીવન, આપણા માતા-પિતા, આપણી પત્ની, આપણા બાળકો, આપણો પરિવાર એ ભગવાને નક્કી કરેલા સંબંધો છે. તે અકસ્માત નથી, આ સંબંધો ભગવાને ગોઠવ્યા છે એટલે પરિવારના દરેક સભ્યોને પૂર્ણ રીતે સ્વીકારો તો પારિવારિક જીવનમાં પ્રસન્નતા રહેશે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે એક સત્સંગીને એની દીકરીના લગ્ન પ્રસંગે આપેલી શિખામણનું સ્મરણ કરીને પરમ પૂજ્ય જ્ઞાનવત્સલ સ્વામીએ કહ્યું કે, સાસરે જતી દીકરીને એવી શીખામણ આપજો કે તારૂ ઘર હવે તારૂ સાસરૂ છે, થોડું સહન કરવું પડે તો કરજે, બે વર્ષ મૌન રહીને પરિવારના લોકોને ઓળખજે, સાસરેથી દરરોજ ફોન પર વાત ન કરજે. રોજે રોજની વાતમાં નવું કંઈ નહીં હોય નાહકની સાસરામાં શંકા ઊભી થશે. ઘરમાં સાસુ-સસરા અને વડીલો બોલતા હોય ત્યારે મૌન રહેવું, સામું બોલવું નહીં. થોડું થોડું એડજસ્ટ અને કોમ્પ્રોમાઈઝ કરી લેશો તો પરિવારમાં પ્રસન્નતા રહેશે. નાની-નાની ટીકાઓમાં ન પડવું. આંખ આડા કાન કરવા.

તેમણે એમ પણ કહ્યું હતું કે, મર્યાદિત રહેશો તો પ્રસન્ન રહેશો. આપણી શારીરિક કે માનસિક પીડા ભગવાનનો પ્રસાદ છે. પોતાનાથી જે દુઃખી છે તેનો વિચાર કરશો તો સુખી રહેશો પોતાનાથી જે સુખી છે તેની સામે જોયા કરશો તો દુઃખી થશો. ભગવાન પ્રત્યે શ્રધ્ધા હશે તો પ્રસન્નતા રહેશે. ભગવાન સાથે સંબંધ હશે તો નકારાત્મકતા નહીં આવે, તો પ્રસન્નતા નહીં છીનવાય. પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા એ જ જીવનનો અર્ક છે. ભગવાન જ કર્તાહર્તા છે. આપણો અહમ્, આપણો આઈ હંમેશા નાનો રાખવો. ફન, જોય, હેપીનેસ અને બ્લીસ...મજા, આનંદ, સુખ અને પ્રસન્નતા આ ચાર વચ્ચેનો ભેદ સમજવો જોઈએ. ફન ક્ષણિક છે. મજા ક્ષણિક છે. જોય એટલે કે આનંદ પરિસ્થિતિ અને વ્યક્તિઓ પર આધારિત છે. હેપીનેસ એટલે કે સુખ એ છે જે તમને જોઈતું હતું અને તમે મેળવ્યું છે. જ્યારે બ્લીસ એ પ્રસન્નતા છે. જ્યારે મજા, આનંદ અને સુખ પણ ના હોય તો પણ પ્રસન્નતા તો રહી શકે. દરેકે અખંડ, અવિરત અને અવિનાશી પ્રસન્નતા માટે પ્રયત્નશીલ રહેવાનું છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંતભાઈ જહાએ પ્રાસંગિક ઉદબોધનમાં પ્રસન્નતાના ૨૫ મા વર્ષ દરમિયાન વિવિધ બાર લોકપ્રિય વક્તાઓએ ગાંધીનગર આવીને પ્રસન્નતા પર વક્તવ્ય આપ્યું છે તેની વિગતે માહિતી આપી હતી. ગાંધીનગર કલ્ચરલ ફોરમના સમાજમાં પ્રસન્નતાના પ્રસાર માટેના પ્રયત્નોની તેમણે જાણકારી આપી હતી. લોકસાહિત્ય અને ઈતિહાસના જાણતલ, વક્તા અને પૂર્વ સનદી અધિકારી વી. એસ. ગઢવી, ગુજરાતી ભાષાના જાણીતા કવિ, વક્તા અને સાહિત્યકાર ભાગ્યેશભાઈ જહા તથા અનેક આગેવાનો આ વ્યાખ્યાનમાળામાં ઉપસ્થિત રહ્યા હતા. વ્યાખ્યાનમાળાનું સંચાલન ગાંધીનગર કલ્ચરલ ફોરમના મંત્રી હિરેન ભટ્ટે કર્યું હતું.

ભારે સળવળાટ... ● છેલ્લા પાનાનું ચાલુ

નિમણૂંક પણ ચર્ચા ચાલી રહી છે. આમ, રાજયસભાની આગામી ચૂંટણીને લઈ ગુજરાતનું રાજકારણ ફરી એકવાર ગરમાયું છે. ખાસ કરીને રાજયસભાની ચૂંટણીમાં જીતવું એ ભાજપ અને કોંગ્રેસ માટે બહુ મોટી પ્રતિષ્ઠાનો સવાલ છે. ખાસ કરીને છેલ્લી બે રાજયસભાની ચૂંટણીમાં ભાજપે કોંગ્રેસના ધારાસભ્યોને તોડજોડ કરી બેઠકો કબ્જે કરી હોવાની કૂટનીતિ આજે પણ રાજકારણમાં ચર્ચામાં છે ત્યારે આ વખતે કોંગ્રેસ ભાજપ તેની કોઈપણ વ્યૂહરચનામાં સફળ ના થાય તે માટે ધારાસભ્યોને સાચવવામાં જોતરાઈ છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, ભાજપ પોતાના રાજયસભાના કોઈ પણ સાંસદને રિપીટ નહીં કરે. ભાજપ પાસે રાજયસભામાં ચુની ગોહિલ, લાલજી વડોદીયા અને શંભુપ્રસાદ ટુંડિયા છે. જેમની જગ્યાએ ભાજપ નવા ચહેરાને તક આપશે. બીજી તરફ કોંગ્રેસ પોતાના જૂના જોગીઓના જ સથવારે ચૂંટણી જીતવાની વૈતરણી પાર કરવા ઉતરશે. કોંગ્રેસ પાસે હાલ મધુસુધન મિસ્ત્રી છે, જેની ટર્મ પૂર્ણ થવામાં છે. ગુજરાત કોંગ્રેસમાંથી રાજયસભામાં હોય તેવા સાંસદોમાં અહેમદ પટેલ, અમી યાજ્ઞિક અને નારણ રાઠવાનો સમાવેશ થાય છે. કોંગ્રેસમાંથી અહેમદ પટેલ અત્યાર સુધીમાં કુલ પાંચ વખત રાજયસભા પહોંચ્યા છે. તો બીજી તરફ પોતાના ભાષણોના કારણે સત્તાધારી પક્ષની સમસ્યામાં વધારો કરતાં મધુસુદન મિસ્ત્રીને કોંગ્રેસ કોઈ કાળે ખોવા નથી માગતી. જેથી તેમને રિપીટ કરે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

મારીશું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરીને ભારતીય પ્રજામાં એક વિશ્વાસ ઉભો કરવામાં મોટી સફળતા મેળવી છે. અમિત શાહે કહ્યું કે અમે આપને સારા આવાસ આપી શકીએ છીએ. તમારા પરિવારોની જરૂરિયાતનું ધ્યાન પણ રાખી શકીએ છીએ. અમે આપને આધુનિક ઉપકરણો અને ટેકનિક પૂરી પાડી શકીએ છીએ. પરંતુ યુદ્ધ બહાદુરીથી જીતવામાં આવે છે ઉપકરણોથી નહીં. શૌર્ય યુદ્ધ જીતાડે છે. ઉપકરણો તો તેમાં ફક્ત એક ભૂમિકા ભજવે છે. સાધનો અને ટેકનોલોજી ક્યારેય આ બહાદુરીનું સ્થાન ન લઈ શકે તેમ અમિત શાહે જણાવ્યું હતું.